શહેરના ઘ-૫ ખાણીપીણી બજારમાં

ભાડુ ન ચુકવનાર સ્ટોલ ધારકો સામે તંત્ર પગલા લેશે

ઘ-૫ ની ફુડકોર્ટના અંદાજિત ૩૯ સ્ટોલના વેપારીઓએ નોટીસના અંતે પણ વિભાગને ભાડાની રકમ ચુકવી નથી : અંદાજિત ૨૫ લાખનુ ભાડુ બાકી : કોરોના કાળમાં સરકારે ૬ મહીનાનુ ભાડુ માફ કર્યુ હતુ

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત ફુડકોર્ટના સ્ટોલ ધારકો છેલ્લા ઘણાં સમયથી દુકાનોનુ ભાડુ ચુકવતા નથી જેના લીધે તંત્ર માટે પણ શિરદર્દ ઉભો થયો છે. ફુડકોર્ટના ૩૯ જેટલા સ્ટોલ ધારકોએ કોરોના કાળમાં પણ વર્ષ ૨૦૨૦ દરમિયાન ૬ મહીનાનુ ભાડુ માફ કરવા માટે સરકારને રજુઆત કરી હતી જેના અંતે સરકારે ભાડામાં માફી પણ આપી હતી પરંતુ હવે રૂટીન દિવસોનુ ભાડુ ચુકવવામાં પણ ઉદાસીનતા સેવી રહ્યા ખાણીપીણી બજારના વેપારીઓને તંત્રએ નોટીસ આપી છે. અંદાજિત ૩૯ જેટલા સ્ટોલ ધારકો પાસેથી તંત્રએ રૂ ૨૫ લાખ ભાડા પેટે વસુલવાના બાકી નિકળતા હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે. જો કે આ મામલે નોટીસના અંતે પણ ભાડુ ચુકવવામાં નિરસતા દાખવતા વેપારીઓ સામે આગળ પગલા લેવા પણ વિચારણા હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગરમાં ઘ-૫ સ્થિત ફુડકોર્ટમાં હાલ ખાણી પીણી બજાર ધમધમી રહ્યુ છે. જયારે છેલ્લા બે અઢી વર્ષથી કોરોના કાળમાં ફુડકોર્ટના વેપારીઓએ ધંધા વેપાર ઠપ્પ થઈ ગયા હોવાની લાગણી સાથે ફુડકોર્ટના સ્ટોલ્સનુ ભાડુ માફ કરવા માટે સરકારને રજુઆત કરી હતી જેના અંતે સરકારે પણ વર્ષ ૨૦૨૦ ના સમયગાળા દરમિયાન ૬ મહીનાનુ ભાડુ માફ કરવાનો નિર્ણય પણ લીધો હતો જેથી વેપારીઓને રાહત થઈ હતી. ઘ-૫ ખાણીપીણી બજારમાં અંદાજિત ૯૬ જેટલા ફુડકોર્ટના સ્ટોલ્સ છે. જયારે વર્ષ ૨૦૧૩ માં આ પૈકી ૩૯ સ્ટોલ્સ ફાળવવામાં આવ્યા હતા. જાહેર હરાજી કરીને આ સ્ટોલ ફાળવવામાં આવ્યા હતા. જયારે ફુડકોર્ટમાં બિન ઉપયોગી દુકાનો લાંબા સમયના અંતે ખંડેર બનતા અગાઉ આ દુકાનોના રીનોવેશન પાછળ પણ તોતિંગ ખર્ચ કરવામાં આવ્યો હતો જે ખર્ચ પણ સરકારના માથે પડયા બરાબર છે. આવા સંજોગોમાં કોરોના કાળમાં ભાડા માફી બાદ હજુ ફુડકોર્ટના સંચાલકો રૂટીન દિવસોનુ ભાડુ પણ ચુકવતા નથી જેના લીધે તંત્રના ચોપડે ભાડા પેટે અંદાજિત રૂ ૨૫ લાખનુ માંગણુ પણ બાકી છે. ફુડકોર્ટને અનુલક્ષી થોડા સમય અગાઉ ગટરો ઉભરાવાની સમસ્યા જટીલ બનતા તંત્ર દ્વારા અંદાજિત રૂ ૬૫ લાખના ખર્ચે નવી લાઈન નાંખવાનુ પણ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ જેના અંતે આ વિસ્તારમાં દુષિત પાણી ભરાવાનુ બંધ થઈ ગયુ છે. જયારે ફુડકોર્ટની જાળવણી પાછળ અત્યાર સુધી પાટનગર યોજના વિભાગે પણ વિશેષ ખર્ચ કર્યો છે. ત્યારે ફુડકોર્ટના વેપારીઓ ભાડુ ચુકવવામાં પણ ઉદાસીનતા સેવી રહ્યા છે. આ મામલે તંત્ર દ્વારા પણ ભાડુ વસુલવા માટે સ્ટોલ્સના સંચાલકોને નોટીસ આપવામાં આવી છે. જયારે આગામી દિવસોમાં ભાડુ નહીં ચુકવનાર સામે યોગ્ય પગલા લેવા પણ વિચારણા હાથ ધરવામાં આવી છે. કોરોના કાળ બાદ હાલ વેપાર ધંધા પણ પુરજોશમાં ચાલી રહ્યા છે. ત્યારે નગરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત ફુડકાર્ટના ભાડાની વસુલી કરવાનુ તંત્ર માટે શિરદર્દ સમાન બન્યુ છે.

પ્રધાનમંત્રી ૧૮મીએ ગાંધીનગરના કંટ્રોલ એન્ડ કમાન્ડ સેન્ટર ફોર સ્કુલ્સની મુલાકાત લેશે

વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોને સંબોધન કરશે : કાર્યક્રમનુ ડીડી ગિરનાર તેમજ યુ ટયુબમાં લીંકના આધારે જીવંત પ્રસારણ પણ કરવામાં આવશે

ગાંધીનગર તા ૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તા ૧૮ અપ્રિલથી ગુજરાતના પ્રવાસે આવશે જયારે આ દરમિયાન તેઓ ગાંધીનગરમાં સે - સ્થિત કંટ્રોલ એન્ડ કમાન્ડ સેન્ટર ફોર સ્કુલ્સની મુલાકાત લેશે સેન્ટરની કામગીરીનુ અવલોકન કરી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓને સંબોધન પણ કરશે જયારે આ કાર્યક્રમનુ ડી ડી ગિરનાર તેમજ યુ ટયુબ પર લીંક દ્વારા જીવંત પ્રસારણ કરાશે.

વડાપ્રધાન નેરન્દ્ર મોદી આગામી તા ૧૮ એપ્રિલથી ગુજરાતના પ્રવાસે આવવાના હોવાથી નગરજનોમાં ઉત્સુકતા વધી છે. જયારે પ્રધાનમંત્રી ગુજરાતની મુલાકાત દરમિયાન ગાંધીનગરમાં શિક્ષણ વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલા કંટ્રોલ એન્ડ કમાન્ડ સેન્ટર ફોર સ્કુલ્સના કાર્યક્રમમાં હાજરી આપશે.જયારે આ કાર્યક્રમનુ જીવંત પ્રસારણ કરાશે આ માટે જિલ્લાના તમામ શિક્ષકોને યુ ટયુબની લીંક પણ મોકલી દેવામાં આવશે. શહેરના સે-૧૯ માં અદ્યતન કંટ્રોલ એન્ડ કમાન્ડ સેન્ટર ફોર સ્કુલ્સનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. જયારે આ સેન્ટરના આધારે રાજયની શાળાઓ પર વોચ રાખવામાં આવે છે. શાળાઓમાં કાર્યરત શિક્ષણ કાર્યને અનુલક્ષી શિક્ષકો હાજર કે ગેરહાજર વિદ્યાર્થીઓની હાજરી સહીતની સઘળી વિગત આંગળીના ટરવે રહે તેવી વ્યવસ્થા આ સેન્ટરમાં કરવામાં આવી છે. રાજયના વિવિધ ખુંણે કાર્યરત શાળાઓમાં તમામ ગતિવિધિઓનુ આ સેન્ટરના આધારે જીવંત નિરક્ષણ કરી શકાય તેવી વ્યવસ્થા સેન્ટરમાં ઉપલબ્ધ છે. જેના લીધે રાજયમાં શિક્ષણની ગુણવત્તા સુધરવા સહીત અન્ય આનુસંગિક બાબતોમાં પણ અસરકારક પરિણામ મળી રહ્યા છે. જેના લીધે શિક્ષણને નવી દીશા મળી છે. દેશના વડાપ્રધાન પણ આ સેન્ટરની મુલાકાત લેશે જયારે આ મુલાકાત પણ મહત્વની બની રહેશે. આગામી દિવસોમાં શિક્ષણ પધ્ધતિમાં પણ જડમુળમાંથી ફેરફાર કરવા માટે પણ માસ્ટર પ્લાન તૈયાર કરી દેવાયો છે.

ધો -૧ થી જ આ પરિવર્તન લાવવા માટે કેન્દ્ર સરકારે યોગ્ય નિર્ણય પણ લઈ લીધો છે. વડાપ્રધાન તા ૧૮ એપ્રિલના રોજ ગુજરાત પ્રવાસે આવશે જયારે એરપોર્ટ ઉતર્યા બાદ ગાંધીનગર આવશે સાંજે ૬ કલાકે કંટ્રોલ એન્ડ કમાન્ડ સેન્ટર ફોર સ્કુલ્સની મુલાકાત લેશે. પ્રધાનમંત્રી સેન્ટરની મુલાકાત લઈને તેની કામગીરીનુ અવલોકન કરશે. આ દરમિયાન તેઓ શિક્ષકો અને વિદ્યાર્થીઓને પણ સંબોધન કરશે. જયારે આ કાર્યક્રમનુ બાઈસેગની વંદે ગુજરાત તેમજ ડી ડી ગિરનાર ચેનલ પરથી જીવંત પ્રસારણ કરવામાં આવશે. વધુમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ પણ કોઈપણ જગ્યાએથી જીવંત પ્રસારણ નિહાળી શકે તે માટે યુ ટયુબ પર લીંક પણ મોકલવાની વ્યવસ્થા કરાશે.

શહેરમાં ૨૩ દર્દીઓ રિકવર થતાં ડિસ્ચાર્જ અપાયુ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેર જિલ્લામાં છેલ્લા બે દિવસથી કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી. આથી તંત્રએ રાહતની લાગણી અનુભવી છે.

જિલ્લામાં રિકવરી રેટ ૯૭ ટકાને પાર કરી ગયો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે શહેરમાં આજે ૨૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેર-જિલ્લામાં સંક્રમણની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે. હવે ત્રીજી લ્હેર તેના અંતિમ ચરણમાં છે. શહેર-જિલ્લામાં ઓમિક્રોન વધુ ચેપી હોવાથી દર્દીઓ વધુ નોંધાયા હતા પરંતુ વેક્સિનેશન અભિયાનને પગલે કોરોનાના લક્ષણો હળવા જણાયા હતા. મોટાભાગના દર્દીઓએ હોમ આઈસોલેશનમાં જ સારવારની સાથે રિકવરી પણ મેળવી છે.

શહેર-જિલ્લામાં હજુ ૫૨ થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓનું અસરકારક મોનીટરીંગ કરવા માટેની પણ સૂચનાઓ આપવામાં આવી છે.

આયુષ્માન ભારત હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરની ચોથી વર્ષગાંઠની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૧૬

આયુષ્માન ભારત હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરની ચોથી વર્ષગાંઠ નિમિત્તે આજરોજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ધાનજના પલસાણા સેન્ટર ઉપર મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ. મનુભાઈ સોલંકીની ઉપસ્થિતમાં ચોથી વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ. મનુભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્ન છે કે દેશના અંતરિયાળ અને પહાડી વિસ્તારમાં વસતા ગ્રામીણ લોકોને ટેલી કન્સલટેશન થકી સ્થાનિક અને ત્વરિત સેવાઓ નિષ્ણાત ડૉક્ટરો દ્વારા મળી રહે. આ કાર્ય કેવી રીતે શક્ય છે, તેની વિસ્તૃત વાત મુખ્ય જિલ્લા અધિકારીશ્રીએ સરળ ભાષામાં કરી હતી.

આ પ્રસંગે જી.એ.એમ.ઓ. શ્રી ડૉ. ધર્મેશ પરીખ, ડી.એસ.ઓ. શ્રી ડૉ. મુકેશ પટેલ, તાલુકા આરોગ્ય અધિકારી, ગામના સરપંચ સહિત આશાબેનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

આયુર્વેદ શાખા, ગાંધીનગર દ્વારા

ઈટાદરા ખાતે ૧૯મીએ નિશુલ્ક આયુર્વેદ -હોમિયોપેથી નિદાન- સારવાર મેગા કેમ્પ

ગાંધીનગર, તા.૧૬

આયુર્વેદ શાખા, જિલ્લા પંચાયત, ગાંધીનગર દ્વારા નિશુલ્ક આયુર્વેદ – હોમિયોપેથી નિદાન- સારવાર મેગા કેમ્પનું આયોજન તા.૧૯મી એપ્રિલ, ૨૦૨૨ના રોજ સવારના ૯.૩૦ થી ૧૨.૩૦ કલાક દરમ્યાન માણસા તાલુકાના ઈટાદરા ગામની પટેલ એમ.એમ. હાઈસ્કુલ ખાતે કરવામાં આવ્યું છે.

આ નિશુલ્ક નિદાન કેમ્પમાં આયુર્વેદ- હોમિયોપેથી નિદાન અને સારવાર કેમ્પમાં નિષ્ણાંત તબીબો દ્વારા સેવા આપવામાં આવશે. તેમજ મધુમેહ સારવાર(ડાયાબિટીસ) દર્દી માટે આહાર- વિહારનું માર્ગદર્શન તથા સારવાર, સ્ત્રી રોગ- વંધ્યત્વ- નિઃસ્તાનપણું માસિકની સમસ્યા, સફેદ પાણીની સમસ્યાની સારવાર, ચામડી,વાળ, સૌદર્યને લગતા રોગ જેવા કે વાળ ખરવા, ટાલ પડવી, વાળ સફેદ થવા, ચહેરા પર દાગ, દાદર, ખરજવું જેવા રોગોનું નિદાન અને સારવાર કરવામાં આવશે.

તેમજ પંચકર્મ સારવાર વિશે માર્ગદર્શન, પ્રકૃતિ પરીક્ષણ, વૃધ્ધાવસ્થાજન્ય સારવાર, સ્વસ્થ જીવનશૈલી અને યોગ અંગે માર્ગદર્શન આપવામાં આવશે. રોગ પ્રતિકારક શક્તિ વધારવા માટે અમૃત પેય ઉકાળો, સંશમની વટી, આર્સેનિક આલ્બમ- ૩૦ વિતરણ કરવામાં આવશે. વનસ્પતિ પ્રદર્શન તથા સ્વસ્થવૃત પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

આ નિશુલ્ક નિદાન કેમ્પનો લાભ લેવા જિલ્લા આયુર્વેદ અધિકારી શ્રી ડૉ. ભાવનાબેન પટેલે જણાવ્યું છે.

જિલ્લા કોંગ્રેસનું નવુ સંગઠ્ઠન માસાન્તે જાહેર કરી દેવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૬

જિલ્લા કોંગ્રેસના નવા પ્રમુખની વરણી થયા બાદ હવે જિલ્લા કોંગ્રેસ સંગઠ્ઠનમાં પણ આ માસના અંત સુધીમાં ફેરફારો કરી દેવામાં આવશે.

જિલ્લા કોંગ્રેસ સંગઠ્ઠનના નવા માળખાની રચના અંગેની પ્રાથમિક કવાયતો હાલ ચાલી રહી છે. જિલ્લાના નેતાઓ સાથે હાલ પરામર્શ ચાલી રહ્યો છે અને આ પછી નિમણુંકો અંગેની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

જિલ્લાના નવા સંગઠ્ઠનમાં યુવાઓને અગ્રતા આપવા ઉપરાંત કસાયેલા કાર્યકરોનું મિશ્રણ કરી તાકાતવર ટીમ બનાવવામાં આવશે. જિલ્લાના સંગઠ્ઠનની રચનામાં ચારેય તાલુકાઓને સરખુ સ્થાન અપાશે એટલું જ નહિ નવા માળખાની સાથે જિલ્લા કારોબારીની પણ રચના કરી દેવામાં આવશે. જિલ્લા કોંગ્રેસ સંગઠ્ઠનની રચના વિધાનસભાની ચૂંટણીને ધ્યાને રાખી કરવામાં આવનાર છે. જિલ્લામાં વિધાનસભાની ચૂંટણી પહેલાં સંગઠ્ઠનની સક્રિયતા વધે તે માટે પણ અલગથી રણનીતિ તૈયાર કરવામાં આવી હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.

ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ ઈજનેરી ક્ષેત્રે અભ્યાસ માટે ૧૮ મી એ ગુજકેટની પરીક્ષા આપશે

જિલ્લામાં ૨૧ બિલ્ડીંગોમાં ૨૫૭ બ્લોકમાં પરીક્ષાની બેઠક વ્યવસ્થા : જિલ્લામાંથી ૫૦૮૫ વિદ્યાર્થી પરીક્ષામાં હાજરી આપશે

ગાંધીનગર તા ૧૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધો -૧૦ અને ૧૨ ની પરીક્ષા પુર્ણ થયા બાદ હવે આગામી તા ૧૮ એપ્રિલના રોજ ગુજકેટની પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. એન્જિનિયરીંગ ક્ષેત્રે અભ્યાસ કરવા માંગતા વિદ્યાર્થીઓને અનુલક્ષી ગુજકેટની પરીક્ષા લેવા માટે શિક્ષણતંત્રએ સઘળી તૈયારી કરી દીધી છે. જિલ્લામાં ૨૫૭ બ્લોકમાં પરીક્ષાને અનુલક્ષીને બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જિલ્લામાંથી ૫૦૮૫ વિદ્યાર્થીઓ ગુજકેટની પરીક્ષા આપશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ દ્વારા લેવાયેલી ધો -૧૦ અને ૧૨ ની પરીક્ષા પુર્ણ થયા બાદ વિદ્યાર્થીઓ આગળની આનુસંગિક કસોટીની તૈયારીમાં લાગી ગયા છે. ગત વર્ષે કોરોના કાળમાં બોર્ડની પરીક્ષા લેવામાં આવી ન હતી. વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપી દેવામાં આવ્યુ હતુ જયારે આ વર્ષે બોર્ડ પરીક્ષાને અનુલક્ષી વિદ્યાર્થીઓમાં વિશેષ ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. જયારે ધો ૧૦ ની સાથે ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં પણ ગણિત, રસાયણવિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન અને બાયોલોજી સહીતના પેપરો સરળ નિકળતા વિદ્યાર્થીઓએ હાંશકારો અનુભવ્યો છે.

જયારે બોર્ડ પરીક્ષાના પેપરો સરળ રહેવાની સાથે શાંતિપુર્ણ માહોલમાં કસોટી પુર્ણ થતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં હર્ષની લાગણી વ્યાપી છે. જયારે બોર્ડ કસોટીના અંતે હાલ વિદ્યાર્થીઓ ગુજકેટની તૈયારી કરી રહ્યા છે. ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસના અંતે એન્જિયરીંગ ક્ષેત્રે અગાળ શૈક્ષણિક કારકીંદી બનાવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે ગુજકેટની પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. તા ૧૮ એપ્રિલના રોજ ભૌતિકવિજ્ઞાન , કેમેસ્ટ્રી, બાયોલોજી, અને ગણિત સહીતના વિષયની પરીક્ષા લેવાશે. જયારે પરીક્ષાને અનુલક્ષી જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા યોગ્ય આયોજન પણ કરી દેવાયુ છે.

● અનુસંધાન પાન-૭ પર

ગરમી ક્યારેક વધે છે તો ક્યારેક રાહત આપે છે... પરંતુ દરેક પરિસ્થિતિમાં તરસ છીપાવવા આ માટે આ માટલા જ રાહત આપે છે....

અદાણીના સીએનજી-પીએનજીના ભાવમાં વધારો

અદાણીના સીએનજીના ભાવ પ્રતિ કિલોએ ૮૨.૫૯ રૂપિયા : ઘર વપરાશમાં ૧.૬૦ એમએમબીટીયુ સધીના વપરાશ પર ભાવ ૧૩૬૯ રૂપિયાથી વધારીને ૧૩૯૭ રૂપિયા કરવામાં આવ્યાં

ગાંધીનગર,તા.૧૬

એક મહિનામાં અદાણીના સીએનજી-પીએનજી ગેસના ભાવમાં વધુ એક વધારો થયો છે. અમદાવાદમાં સીએનજીનો ભાવ ૮૧.૫૯થી વધારીને ૮૨.૫૯ રૂપિયા પ્રતિ કિલો કરવામાં આવ્યો છે. આ નવો ભાવવધારો આજથી જ અમલી બનશે. રાંધણ ગેસ-પેટ્રોલ-ડીઝલનો ધુમાડો દેશની સામાન્ય જનતાની આંખમાંથી આંસુ નીકાળી રહ્યાં છે.

ઘર વપરાશમાં ૧.૬૦ એમએમબીટીયુ સધીના વપરાશ પર ભાવ ૧૩૬૯ રૂપિયાથી વધારીને ૧૩૯૭ રૂપિયા કરવામાં આવ્યા છે જ્યારે તેનાથી વધારેના વપરાશ ઉપર રૂ. ૧૩૯૭ના બદલે ૧૪૨૫ રૂપિયા ચુકવવાના રહેશે. વડોદરા માટે કિંમતો પ્રતિ એમએમબીટીયુ રૂપિયા ૯૧૧.૦૯થી વધારીને રૂપિયા ૯૮૧.૧૨ કરવામાં આવી છે.

સતત આ પ્રકારના ભાવવધારાના કારણે ગાડીમાં સીએનજી કીટ ફીટ કરાવનારા લોકોએ રાતાપાણીએ રોવાનો વારો આવ્યો છે. પેટ્રોલ-ડીઝલના ભાવમાં સતત થઈ રહેલા વધારના કારણે વાહનચાલકો તેમજ ટ્રાન્સપોર્ટેશન મોંઘુ થતાં જીવન જરૂરિયાતની તમામ ચીજવસ્તુના ભાવ ઊંચકાયા છે.

અંડર ગ્રેજ્યુએટ નોન-પ્રોફેશન કોર્સ માટે આ વર્ષે પ્રવેશ પરીક્ષા નહીં યોજાય

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય : વિદ્યાર્થીઓને ધોરણ ૧૨ના ગુણના આધારે કોમન યુનિવર્સિટી એન્ટ્રન્સ ટેસ્ટ પર આધારિત અંડરગ્રેજ્યુએટ અભ્યાસક્રમોમાં પ્રવેશ આપવાનું ફરજિયાત બનાવાયું

ગાંધીનગર, તા.૧૬

રાજ્યના શિક્ષણ વિભાગે નિર્ણય લીધો છે કે તે આ વર્ષે અંડરગ્રેજ્યુએટ નોન-પ્રોફેશનલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે પ્રવેશ પરીક્ષાઓ યોજશે નહીં.

માર્ચમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનએ તમામ કેન્દ્રીય યુનિવર્સિટીઓ માટે વિદ્યાર્થીઓને ધોરણ ૧૨ ના ગુણના આધારે કોમન યુનિવર્સિટી એન્ટ્રન્સ ટેસ્ટ પર આધારિત અંડરગ્રેજ્યુએટ અભ્યાસક્રમોમાં પ્રવેશ આપવાનું ફરજિયાત બનાવ્યું હતું. આ નિયમ આગામી શૈક્ષણિક વર્ષ થી અમલમાં આવશે. ગુરુવારે શિક્ષણ મંત્રી જીતુ વાઘાણી, શિક્ષણ વિભાગના અધિકારીઓ અને વિવિધ યુનિવર્સિટીઓના વાઈસ ચાન્સેલરો સાથેની બેઠક દરમિયાન આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

સૂત્રોએ જણાવ્યું હતું કે અધિકારીઓએ આવી પ્રવેશ પ્રક્રિયા કેવી રીતે દાખલ કરવી તે અંગે વીસીના અભિપ્રાયો લીધા હતા. માત્ર બે વીસીએ જણાવ્યું હતું કે યુજી નોન-પ્રોફેશનલ કોર્સમાં પ્રવેશ માટે ગુજરાતમાં પ્રવેશ પરીક્ષા હોવી જોઈએ જેથી રાજ્યના વિદ્યાર્થીઓ જો કેન્દ્રીય યુનિવર્સિટીઓમાં પ્રવેશ લેવા માંગતા હોય તો તેમને ફાયદો થાય. જો કે, અન્ય વીસીએ એમ કહીને સહમત ન હતા કે આવી કસોટી માટે યોગ્ય તૈયારી અને અમલીકરણ જરૂરી છે.

સૂત્રોએ જણાવ્યું કે બેઠકના અંતે આ વર્ષે પ્રવેશ પરીક્ષા પ્રણાલી દાખલ ન કરવાનો નિર્ણય લેવાયો હતો. તેઓએ કહ્યું કે આ નિર્ણય

● અનુસંધાન પાન-૭ પર

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ

સ્વ. રતનસિંહ મગનસિંહ બિહોલા
તા. ૧૭-૦૪-૨૦૨૧ (ચૈત્ર સુદ પાંચમ)
વાડીવાળો વાસ, મુ. પેથાપુર, તા.જિ. ગાંધીનગર

આંખો હજી નિહાળે છે તમને, અંતર હજુ પોકારે છે તમને,
તમારું સ્મરણ થાય ત્યારે મન મુકી રડાવે છે,
કલ્પી ન શકાય તેવી તમારી વસમી વિદાય કાળજુ કંપાવી ગઈ...
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના....

લિ.
ગં. લીલાબેન રતનસિંહ બિહોલા (પત્ની)
ઈન્દ્રસિંહ રતનસિંહ બિહોલા (પુત્ર)
જનકસિંહ રતનસિંહ બિહોલા (પુત્ર)
રાજવીરસિંહ ઈન્દ્રસિંહ બિહોલા (પૌત્ર)
મિતરાજસિંહ ઈન્દ્રસિંહ બિહોલા (પૌત્ર)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com